હજ યાત્રીઓને સબસીડીની નીતિ અયોગ્ય

નવી દિલ્હી,તા. ૮

કેન્દ્ર સરકારને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે વાર્ષિક હજ યાત્રા પર જતાં મુસ્લિમોને સરકારી સબસીડી આપવાની તેની નીતિને ફગાવી દીધી હતી. વાર્ષિક હજ યાત્રાના મુદ્દાને રાજકીય રંગ આપવા બદલ કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢતા સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે હજ શ્રદ્ધાળુઓને સબસીડી આપવાની નીતિ યોગ્ય નથી. સુપ્રીમે કહ્યું હતું કે હજયાત્રીઓને સબસીડી આપવાની નીતિ ખતમ કરી દેવી જોઈએ. સુપ્રીમ કોર્ટે ૧૦ વર્ષની અંદર જ યાત્રામાં આપવામાં આવતી સબસીડીને ખતમ કરી દેવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે ધાર્મિક સ્થળો પર જતાં શ્રદ્ધાળુઓને સબસીડી આપવાની દરખાસ્ત અયોગ્ય છે અને લઘુત્તમ સમુદાયને આકર્ષક કરવાની નીતિના ભાગરૂપે છે. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું છે કે તે હજ કમીટિ ઓફ ઈન્ડિયાની કામગીરીની ચકાસણી કરશે અને હજ માટે શ્રદ્ધાળુઓને મોકલવા માટેની પસંદગી પ્રક્રિયાની પણ ચકાસણી કરશે. દરમિયાન સુપ્રીમ

કોર્ટે હજ પ્રતિનીધીમંડળની સાથે મોકલવામાં આવતા તેના પ્રતિનિધીઓની સંખ્યાને ઘટાડી દેવાનો પણ કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટનો આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે મુસ્લિમોને હજ સબસીડીને લઈને રાજકીય ગરમી જામી રહી છે.

તાજેતરમાં જ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે મુસ્લિમોને સરકારી સબસીડી આપવાની બાબત મર્યાદિત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી એફીડેવીટમાં સરકારે કહ્યું હતું કે નવી માગદર્શિકા જારી કરી દેવામાં આવી છે. જેમાં ખાતરી કરી દેવામાં આવી છે કે ક્યારે પણ હજ યાત્રા

નહીં કરનાર શ્રદ્ધાળુઓને પ્રાથમિકતા આપવામાં આવે. પ્રથમ વખત મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે પોતાની રજૂઆતમાં કહ્યું હતું કે લાઈફમાં એક જ વખત હજની યાત્રા કરનારને સરકારી સબસીડીનો લાભ અપાશે. આ ઉપરાંત સરકારની દલીલ એવી પણ હતી કે ક્યારેય હજની યાત્રા નહીં કરનાર લોકોને પ્રાથમિકતા અપાશે. પોતાની રજૂઆતમાં કેન્દ્ર સરકારે ભારપૂર્વક કહ્યું હતું કે ૭૦થી વધુની વયના થયેલા લોકોને પ્રાથમિકતા અપાશે. જે લોકો સબસીડી માટે અગાઉ ત્રણ વખત અરજી કરી ચૂક્યા છે પરંતુ નિષ્ફળ રહ્યા છે તેવા લોકોને પ્રાધાન્ય અપાશે. ૨૪મી ફેબ્રુઆરીના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા કેટલાક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

જસ્ટિસ આફતાબ અલમ અને રંજના પ્રકાશ દેસાઈની બનેલી બેંચે તેના દ્વારા આપવામાં આવતી સબસીડીની સંપૂર્ણ વિગત ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. સાથે સાથે રાજ્ય કમીટિઓને સીટની ફાળવણી માટે અપનાવવામાં આવેલી પદ્ધતિ અંગે માહિતી આપવું કહ્યું છે. સુપ્રીમ કોર્ટે શ્રદ્ધાળુઓની સાથે મોકલવામાં આવતા સત્તાવાર પ્રતિનીધી મંડળને લઈને પણ નારાજગી વ્યક્ત કરી છે. હજ સબસીડીના સંબંધમાં પૂર્ણ વિગત આપવા કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકી કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ આદેશ આપ્યો હતો. મુંબઈ હાઈકોર્ટે તેના ચુકાદામાં સેવા ઓપરેટ કરવા ચોક્કસ ખાનગી ઓપરેટરોને મંજૂરી આપવા વિદેશ મંત્રાલયને આદેશ કર્યો હતો. અગાઉ બેંચે શ્રદ્ધાળુઓની સાથે સત્તાવાર પ્રતિનીધિ મંડળ મોકલી વાર્ષિક હજયાત્રાને રાજકીય રંગ આપવાના પ્રયાસો બદલ કેન્દ્રની ઝાટકણી કાઢી હતી. આ વ્યવસ્થા હેઠળ સરકાર જંગી સબસીડી આપે છે.

સુપ્રીમે કહ્યું હતું કે આ ખૂબ જ ખરાબ અને શરમજનક ધાર્મિક પ્રવૃત્તિ છે.

હજ સબસીડી મામલે સુપ્રીમે શું કહ્યું.........

- વાર્ષિક હજ યાત્રા પર જતાં મુસ્લિમોને સરકારી સબસીડી આપવાની સરકારની નીતિ અયોગ્ય
- ૧૦ વર્ષની અંદર જ હજયાત્રામાં અપાતી સબસીડીને ખતમ કરવા આદેશ
- લઘુમતિઓને પ્રભાવિત કરવાની નીતિના ભાગરૂપે છે
- વાર્ષિક હજયાત્રાના મુદ્દાને રાજકીય રંગ આપવા બદલ કેન્દ્રની ઝાટકણી
- હજ કમીતિ ઓફ ઈન્ડિયાની કામગીરીની ચકાસણી કરાશે
- હજ માટે શ્રદ્ધાળુઓ મોકલવા માટેની પસંદગી પ્રક્રિયાની તે ચકાસણી કરશે
- હજ પ્રતિનીધિ મંડળની સાથે મોકલવામાં આવતા તેના પ્રતિનીધિની સંખ્યા ઘટાડવા કેન્દ્રનો આદેશ
- કેન્દ્ર સરકારની તમામ રજૂઆતોને ફગાવી દેવાઈ

ભારત -પાક વચ્ચે ૨૪મીએ ગૃહ સચિવ સ્તરની મંત્રણા

નવી દિલ્હી,તા.૮

ભારત અને પાકિસ્તાન વચ્ચે ગૃહ સચિવ સ્તરની મંત્રણા ૨૪ અને ૨૫મી મેના દિવસે ઈસ્લામાબાદમાં ગૃહ સચિવની મંત્રણા દરમિયાન અન્ય મુદ્દાઓની સાથે સાથે વિઝા સમજુતીનો મુદ્દો છવાઈ જાય તેમ માનવામાં આવે છે. વિઝા સમજુતીને વધુ ઉદાર બનાવવાની પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ભારતીય પ્રતિનિધિમંડળ લશ્કરે તોઈબાના સ્થાપક હફીઝ સઈદ ૨૬/૧૧ના મુંબઈ હુમલાના મુખ્ય ભેજાબાજો સામે કઠોર પગલા લેવા દબાણ લાવશે. વાતચીત દરમિયાન ભારતીય પ્રતિનિધ મંડળ અન્ય તમામ મુદ્દાઓ પણ ઉઠાવશે. જો નવી વિઝા સમજુતી પર સહી સિક્કા થશે તો બંને દેશોને ફાયદો થશે. આનાથી બંને દેશોના સર્ટિફાઈડ બિઝનેસમેનોને એક વર્ષના મલ્ટીપલ એન્ટ્રી, નોન પોલિસ રિપોર્ટિંગ વિઝા આપવાની વ્યવસ્થા થશે. આ ઉપરાંત ત્રણના બદલે પાંચ શહેરોમાં પ્રવાસ કરવાની મંજૂરી પણ અપાશે. નવી વ્યવસ્થાથી બંને દેશોના વેપારીઓને મોટો ફાયદો થશે. કારણ કે તેમને પોલીસ સમક્ષ માહિતી આપવાથી પણ રાહત મળશે. બંને દેશો માદર દ્રવ્યોની હેરફેર અને બનાવટી



ચલણની સમસ્યાના મુદ્દે પણ વાતચીત કરશે. કેન્દ્રીય કેબિનેટે ૨૫મી એપ્રિલના દિવસે આ સમજુતી પર હસ્તાક્ષર કરવા લીલી ઝંડી આપી દીધી હતી. ગયા સપ્તાહના ગૃહપ્રધાન પી. ચિદમ્બરમે કહ્યું હતું કે સમજુતી પર હસ્તાક્ષર કર્યા બાદ વિઝા વ્યવસ્થા વધુ ઉદાર બની જશે. તેમણે કહ્યુ હતું કે ઉદાર વિઝાથી વેપારીઓને સીધો ફાયદો થશે. પાકિસ્તાનને પણ આનો ફાયદો થશે. તમામ પાસાઓને ધ્યાનમાં લઈને કેબિનેટે આને મંજૂરી આપી દીધી છે. હવે વેપાર સંબંધિત મામલા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. વિશ્વાસ નિર્માણના પગલાઓ ઉપર પણ ચર્ચા થશે. દ્વિપક્ષીય મિટિંગ ભારત અને પાકિસ્તના વચ્ચે સંબંધો સામાન્ય બનવાની હિલચાલ વચ્ચે યોજાનાર છે. વડાપ્રધાન મનમોહનસિંહે ૮મી એપ્રિલના દિવસે પાકિસ્તાનના પ્રમુખ આસિફ અલી ઝરદારી માટે લંચનું આયોજન કર્યુ હતું. ખાનગી યાત્રા ઉપર ઝરદારી ભારત આવ્યા ત્યારે તેમના માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. વિદેશ સચિવ રંજન મથાઈએ કહ્યું છે કે વડાપ્રધાને ઝરદારી સાથે તમામ મુદ્દાઓ ઉપર વાતચીત કરી હતી. ઝરદારી સાથે સઈદની પ્રવૃતિ સઈદના મુદ્દા પર ચર્ચા થઈ હતી.

ટેલિકોમ કરારમાં ચિદમ્બરમની ભૂમિકા મામલે સંસદમાં હોબાળો

નવી દિલ્હી,તા. ૮

ટેલિકોમ સમજુતીમાં કેન્દ્રિય પ્રધાન પી. ચિદમ્બરમની ભૂમિકાના મામલે આજે સંસદના બન્ને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. જેથી બન્ને ગૃહોની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. સવારે ગૃહ મળતાની સાથે જ વિરોધ પક્ષોએ ધાંધલ ધમાલ શરૂ કરી દીધી હતી. આ ટેલિકોમ સમજુતી થઈ ત્યારે ચિદમ્બરમ કેન્દ્રિય નાણાં પ્રધાન હતા. વિરોધ પક્ષના સભ્યોનો આક્ષેપ છે કે ટેલિકોમ સમજુતીમાંથી તેમના પુત્રને નાણાંકીય રીતે લાભ અપાવવામાં ચિદમ્બરમે ભૂમિકા ભજવી હતી. લોકસભામાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. ભાજપના સભ્યોએ આ મામલે સરકાર પાસેથી જવાબની માંગણી કરી હતી. ભાજપના કેટલાક સભ્યોએ અધ્યક્ષ મીરા કુમારના મંચની નજીક જોરદાર દેખાવો કર્યા હતા. મહત્વપૂર્ણ પ્રશ્નકલાક દરમિયાન કામગારી ખોરવાઈ ગઈ હતી. અધ્યક્ષે સૌથી પહેલા ગૃહમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસો કર્યા હતા. અધ્યક્ષે તેમની સીટ પર બેસી જવા સભ્યોને અપીલ કરી હતી. પરંતુ તેમની અપીલની કોઈ અસર થઈ ન હતી. નારાજ સભ્યોએ તેમનુ વલણ કઠોર કરતા મીરા કુમારે ગૃહની કામગારી બપોર સુધી મોકુફ કરી દીધી હતી. ચિદમ્બરમની તકલીફ હાલ ઓછી થઈ રહી નથી. એકબાજુ તેઓ ટુજી કોંભાડમાં પણ તપાસનો સામનો કરી રહ્યા છે. હવે ટેલિકોમ સમજુતીમાં તેઓ તેમના પુત્રને લાભ અપાવવાના મામલે નારાજગીનો સામનો કરી રહ્યા છે. ગૃહ બપોર બાદ ફરી મળતા હોબાળો જારી રહ્યો હતો. ધાંધલ ધમાલ વચ્ચે અધ્યક્ષે કેટલીક કામગીરીને આગળ વધારી હતી. પરંતુ કામગારી ફરી મોકુફ કરવાની ફરજ પડી હતી.

દિલ્હીમાં લાખોની ઈલેકટ્રોનિક વસ્તુની સાથે એકની અટકાયત

નવી દિલ્હી,તા.૮

ઈન્દિરાગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે કસ્ટમ અધિકારીઓએ આજે એક યાત્રીની ધરપકડ કરી હતી તેની પાસે ૨૬.૬૨ લાખની કિંમતના મેમોરી કાર્ડ અને ગેમ પ્રોસેશરનો જથ્થો મળી આવ્યો હતો. કમિશનર ઓફ કસ્ટમ (આઈએન્ડજી) વીકે ગોહિલે માહિતી આપતા કહ્યુ હતુ કે કમલ નામના યાત્રી પાસે ૧૬૦૦ સોનીના મેમોરી કાર્ડ હતા. આ ઉપરાંત ૩૨૦૦ ગેમ પ્રોશેસર અને અન્ય ઈલેકટ્રોનિક ચીજ વસ્તુઓ હતી. સાઈબર શુટ કેમેરા માટે ૧૬૦૦ મેમોરી કાર્ડને લઈને કસ્ટમ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ યાત્રીએ તેની જીન્સ અને મોજામાં મેમોરીકાર્ડ છુપાવેલા હતા. આ વ્યક્તિ દિલ્હીનો નિવાસી છે. અને ભારતીય પાસપોર્ટ પણ ધરાવે છે. કમલ સોમવારે મોડી રાત્રે ફ્લાઈટ સીઝેડ-૩૫૯માં ચીનમાંથી આવ્યો હતો. તેની ફ્લાઈટ રાત્રે ૧૧.૩૦ વાગે દિલ્હી પહોંચી હતી. અડધી રાત બાદથી ચકાસણીમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે અધિકારીઓને શંકા ગઈ હતી. એક્સરે ઈમેજમાં કેટલીક ડ્યૂટી લાગુ કરી શકાય તેવી વસ્તુ દેખાઈ હતી જેની ચકાસણી કરવામા આવાત ૨૬.૬૨ લાખની કિંમતની ઈલેકટ્રોનિક ચીજ વસ્તુઓ મળી આવી હતી. કસ્ટમ એકટ ૧૯૬૨ની કલમ ૧૧૦ હેઠળ આ ચીજ વસ્તુઓ કબ્જે કરવામા આવી હતી. યાત્રીની કસ્ટમ એકટ ૧૯૬૨ની કલમ ૧૦૪ હેઠળ ધરપકડ કરવામા આવી હતી. પહેલી એપ્રિલ ૨૦૧૨ બાદથી પાંચ અન્ય યાત્રીઓની પણ મેમોરી કાર્ડ સાથે ધરપકડ કરવામા આવી હતી. આની કિમત ૧.૮૮ કરોડની હતી.

બોમ્બથી વિમાનને ફૂંકી મારવાનું કાવતરું અમેરિકાએ નિષ્ફળ કર્યું

વોશિંગ્ટન,તા. ૮

વિમાનને બોમ્બથી ફૂંકી મારવાની અલકાયદાની ખતરનાક યોજનાને નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. અલકાયદાએ આ ખતરનાક કાવતરુ ઘડી કાઢ્યુ હતું અમેરિકી અધિકારીઓએ દાવો કર્યો છે કે કાવતરુ ફ્લોપ થઈ ગયું છે. તેમનું કહેવું છે કે બ્લાસ્ટ કરવા માટે એક અતિ આધુનિક સાધનનો ઉપયોગ કરવાની ગણતરી કરવામાં આવી હતી. તેમનું કહેવું છે કે એવું સાધન તૈયાર કરવામાં આવ્યું હતું જેવું સાધન વર્ષ ૨૦૦૯માં યમનમાંથી ઉડાણ ભરેલા વિમાનને ફૂંકી મારવા માટે કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ કહ્યું છે કે આ બ્લાસ્ટનું કાવતરુ યમનમાં રચવામાં આવ્યું હતું. આને ઓસામાબિન લાદેનના મોત થયા બાદ તેની પ્રથમ વરસીના દિવસે અંજામ આપવાની તૈયારી કરી હતી. જે સાધન મારફતે બ્લાસ્ટ કરવાની તૈયારી કરવામાં આવી હતી તે સાધન હવે અમેરિકાના કબજામાં છે. એમ માનવામાં આવે છે કે સાધન ખૂબ જ સંવેદનશીલ છે. આને બનાવવા માટે કોઈપણ પ્રકારના મેટલનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. તપાસ દરમિયાન કોઈને પણ આ અંગે માહિતી ન મળે તે પ્રકારે આ સાધન તૈયાર કરવામાં આવ્યું હતું. અલકાયદાનું કાવતરુ ફ્લોપ થતા અમેરિકાને મોટી રાહત થઈ છે. અમેરિકા અને અન્ય ઈન્ટેલિજન્ટ સંસ્થાઓએ સાથે મળીને આ કાવતરાનું પર્દાફાશ કર્યો છે. અમેરિકા જતા વિમાનને ફૂંકી મારવા અલકાયદાએ તૈયારી કરી લીધી હતી. અગાઉ પણ અલકાયદા દ્વારા આ પ્રકારના સાધનોનો ઉપયોગ કરવામાં આવી ચુક્યું છે. એક અગ્રણી ટીવી ચેનલે માહિતી આપતા કહ્યું છે કે અરેબિયન દ્વિપમાં યમન સ્થિત અલકાયદા સાથે સંબંધિત આતંકવાદીઓનું આ કાવતરુ હતું. અમેરિકાના આતંકવાદ અધિકારીઓએ કહ્યું છે કે અમેરિકન લોકોને નુકશાન થાય તે પહેલા જ આ કાવતરુ પકડી પાડવામાં આવ્યું છે. હવે કોઈપણ એરલાઈન્સ સામે જોખમ નથી. વર્ષ ૨૦૦૯માં પણ ડેટ્રોઈટ જતા વિમાનને બોમ્બથી ફૂંકી મારવાની યોજના બનાવવામાં આવી હતી. આમા પણ નોન મેટેલિક વિસ્ફોટક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ કહ્યું છે કે આત્મઘાતી બોમ્બર દ્વારા આનો ઉપયોગ કરવામાં આવે છે. અગાઉ અંડરવિયર બોમ્બના ઉપયોગ પણ ૨૦૦૯માં અલકાયદા દ્વારા કરવામાં આવ્યા હતા. ઈન્ટેલિજન્ટ અધિકારીઓ દ્વારા કબજે કરવામાં આવેલા સાધનની અમેરિકી કસ્ટડીમાં ચકાસણી જારી રહી છે. ટેકનીકલ અને ફોરેન્સિક નિષ્ણાંતો તપાસ કરી રહ્યા છે. સરંક્ષણ પ્રધાન લિયોન પેનેટાએ કહ્યું છે કે આ બનાવને ફ્લોપ બનાવીને અમે સાબિતી આપીએ છીએ કે કોઈપણ પ્રકારના ખતરા અને જોખમને લઈને અમેરિકા ખૂબ જ સાવધાન છે. અમેરિકાને સલામત રાખવા તમામ પ્રયાસ કરાશે. વ્હાઈટ હાઉસે કહ્યું છે કે અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને માહિતી આપી દેવામાં આવી છે. વ્હાઈટ હાઉસના નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના પ્રવક્તાએ કહ્યું છે કે ઓબામાએ ખાતરી આપી છે કે આ સાધન ખતરારૂપ ન બને તેવા પ્રયાસ જરૂરી છે.

મારૂતી ડિઝલ ડિઝાઈરની કિંમતમાં ૧૨૦૦૦ રૂપિયા સુધીનો વધારો

નવી દિલ્હી,તા. ૮

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતી સુઝુકી ઈન્ડિયાએ આ મહિનાથી તેની ડિઝલ ડિઝાઈરની કિંમતમાં ૧૨૦૦૦ રૂપિયા સુધીનો વધારો કરી દિધો છે. ખર્ચમાં થઈ રહેલા વધારાને જવાબદાર ગણાવીને કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. મારૂતી સુઝુકી ઈન્ડિયા (એમએસઆઈ)ના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે કંપની ખર્ચમાં થઈ રહેલા



વધારાના કારણે દબાણ હેઠળ હતી. અસરને ઘટાડવાના હેતુસર નવી ડિઝાઈરની ડિઝલ કારની કિંમતમાં પહેલી મેથી વધારો કરવામાં આવ્યો છે. કંપનીએ આ મોડલના રેટમાં ૮૦૦૦ અને ૧૨૦૦૦ વચ્ચેનો વધારો કર્યો છે. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં મારૂતી સુઝુકીએ તેની એન્ટ્રી લેવલની ડિઝાઈર કાર બજારમાં ઉતારી હતી. આની કિંમત ૪.૭૯ લાખથી ૭.૦૯ લાખ રાખવામાં આવી હતી. કંપનીએ નવી પેટ્રોલ ડિઝાઈરની કિંમત ૪.૭૯ લાખ અને ૬.૫૪ લાખ વચ્ચે રાખવામાં આવી છે. જ્યારે ડિઝલ કારની કિંમત ૫.૮૦ લાખથી ૭.૦૯ લાખ રાખવામાં આવી હતી. નવા મોડલ પેટ્રોલ અને ડિઝલ બન્ને વિકલ્પમાં ઉપલબ્ધ છે. નાનકડી કાર દ્વારા ૧૦ ટકા એક્સાઈઝ ડ્યુટી માટે પણ તે પાત્ર બને છે. પેટ્રોલ વર્ઝન ૧.૨ લિટર એન્જિન અને ડિઝલ ૧.૩ લિટર એન્જિન દ્વારા પાવરડ છે. મારૂતી સુઝુકી ઈન્ડિયા હજુ પણ બજારમાં વર્ચસ્વ ધરાવે છે.

દેશના વિમાની મથકો ઉપર આત્મઘાતી હુમલાનો ખતરો

નવી દિલ્હી,તા.૮

દેશના વિમાની મથકો પર આત્મઘાતી હુમલાનો ખતરો તોડાઈ રહ્યો છે. હુમલાની દહેશતની ધ્યાનમા લઈને દેશભરના વિમાની મથકો ઉપર હાઈએલર્ટની જાહેરાત કરવામા આવી છે. માનવ બોમ્બ મારફતે હુમલા કરવાની ચેતવણી બાત હાઈએલર્ટની જાહેરાત કરવામા આવી છે. અમેરિકાની સંસ્થા ટીએસએની સાથે મળીને આઈબીએ આ હાઈએલર્ટની જાહેરાત કરી છે. સીઆઈએસએફ અને એનએસજીની ટીમોને પણ હાઈએલર્ટ ઉપર મુકી દેવામા આવી છે. આવા અહેવાલ આવ્યા બાદ તમામ વિમાની મથકો પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામા આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા ગુપ્તચર એજન્સીઓએ ગુજરાત માટે એલર્ટની જાહેરાત કરવામા આવી હતી. એલર્ટમા જણાવવામા આવ્યુ છે કે લશ્કરે તોયબાના અનેક આતંકવાદી જામનગરની ઓઈલ રિફાયનરી, અમદાવાદ સહિત ગુજરાતના ઘણા શહેરોમા હુમલા કરી શકે છે. આતંકવાદીઓના ફોટાઓ પણ જારી કરવામા આવ્યા છે. ગુપ્તચર સંસ્થાઓ ફોટાઓ જારી કર્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામા આવી રહ્યા છે. ગુજરાતને વિશેષ સાવધાની રાખવામા આવી રહી છે. એલર્ટ મુજબ આતંકવાદીઓના હિટ લિસ્ટમા માત્ર ગુજરાત જ નથી.મહારાષ્ટ્ર અને પંજાબની સરકારોને પણ આવી ચેતવણી મોકલવામા આવી છે. આ ઈનપુટના આધાર ઉપર પંજાબના ભટિંડામાં બનેલી નવી ઓઈલ રિફાઈનરી અને જલંધરમા ઓઈલ ડીપોની સુરક્ષા વધારી દેવામા આવી છે. આવનાર દિવસોમાં વધુ સાવધાની રાખવામા આવે તેવી શકયતા છે. દરિયાકાંઠાની સુરક્ષા પણ વધારી દેવામા આવી છે. પેટ્રોલીંગની પ્રવૃતિ વધુ તીવ્ર બનાવી દેવામા આવી છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં વિશેષ સાવધાની રાખવામા આવી રહી છે. મુંબઈના અગાઉના હુમલાના માસ્ટર માઈન્ડ સામે કઠોર પગલા લેવા ભારતે ફરીવાર પાકિસ્તાન ઉપર દબાણ વધારી દીધુ છે.

પાકે આઠ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો : સરકારની કબૂલાત

નવી દિલ્હી,તા.૮

પાકિસ્તાને જમ્મુ કાશ્મીરમા આ વર્ષે અંકુશ રેખા પર યુદ્ધ વિરામનો આઠ વખત ભંગ કર્યો છે. આની સાથે જ ભારતે પડોશી દેશ પાકિસ્તાન સમક્ષ જોરદાર રીતે વાંધો ઉઠાવ્યો છે. લોકસભામા ગૃહ રાજ્ય પ્રધાન મુલ્લાપલ્લી રમાચંદ્રને કહ્યુ હતુ કે વર્તમાન વર્ષ દરમિયાન અંકુશ રેખા પર આઠ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામા આવ્યો છે. તેમણે વધુ માહિતી આપતા કહ્યુ હતુ કે યુદ્ધ વિરામભંગના તમામ બનાવોમાં તપાસ કરવામા આવી રહી છે. યોગ્ય સ્તર ઉપર પાકિસ્તાની લશ્કરી સત્તાવાળાઓ સમક્ષ વિરોધ પણ નોંધાવામા આવી રહ્યો છે. હોટલાઈનની બંને દેશો વચ્ચે



સ્થાપના થઈ ગયા બાદ આ રીતે પણ બંને દેશો વચ્ચે સતત ચર્ચા થઈ રહી છે. બંને દેશોના ડિરેકટર્સ જનરલ ઓફ મિલેટ્રી ઓપરેશન વચ્ચે ફ્લેટ મીટિંગો પણ યોજાઈ રહી છે. રામચંદ્રને કહ્યુ હતુ કે ઈસ્લામાબાદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાનારી વાતચીત દરમિયાન આ મુદ્દો ઉઠાવવામા આવશે. વિદેશ સચિવ સ્તરની વાતચીત ૨૩-૨૪મી જૂનના દિવસે યોજાનાર છે. આ ઉપરાંત ભારત અને પાકિસ્તાન વચ્ચે નિષ્ણાંત સ્તરની વાતચીત દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવામા આવ્યો હતો.

અયોધ્યા કેસમાં સીબીઆઈની પક્ષપાતપૂર્ણ ભૂમિકા : ભાજપ

નવી દિલ્હી,તા.૮

ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી સામે અયોધ્યા કેસને આગળ વધારવામાં સીબીઆઈ પક્ષપાતી વલણ અપનાવી રહી છે. તેઓ આક્ષેપ કરીને ભાજપે આજે કહ્યુ હતુ કે સંસદમા આ મુદ્દો ઉઠાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે. નવી દિલ્હીમા તેની સાપ્તાહિક મીટિંગમાં ભાજપ સંસદીય પાર્ટીએ સીબીઆઈની ભૂમિકા મામલે ચર્ચા કરી હતી. જે રીતે સીબીઆઈ કેસોને આગળ વધારી રહી છે તેમા તેની શંકાસ્પદ ભૂમિકા દેખાઈ રહી છે. સંસદના બંને ગૃહોના સીબીઆઈની કામગીરીના મુદ્દાને ઉઠાવવાનો નિર્ણય કરવામા આવ્યો હતો. ભાજપના મુખ્ય પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યુ હતુ કે અયોધ્યા કેસમા સુપ્રીમ કોર્ટે અડવાણીની ભૂમિકાને ફગાવી દીધી



હોવા છતા આ મુદ્દો વારંવાર સપાટી પર આવી રહ્યો છે. સીબીઆઈ એકપક્ષીય રીતે આગળ વધી રહી છે. મીડિયા મારફતે ગુપ્ત બાબતો જાહેર કરવામા આવી રહી છે. સુપ્રીમ કોર્ટમાં મામલો પેન્ડીંગ છે છતા મીડિયમા માહિતી લીક થઈ રહી છે. આ ખૂબ જ વખોળવા લાયક બાબત છે. રવિશંકર પ્રસાદે કહ્યુ હતુ કે સીબીઆઈ એક બાજુ ભ્રષ્ટાચારના કેસોમા સરકારને બચાવવાના પ્રયાસ કરી રહી છે. બીજી બાજુ દ્વેષભાવ રાખીને વિરોધપક્ષોના નેતાઓ સામે પગલા લેવામા આવી રહ્યા છે. અયોધ્યા કેસમા સીબીઆઈ દ્વારા જાણી જોઈને કેટલાક સભ્યોને ફસાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટ ત્રણ વખત એવી અરજીને ફગાવી ચુકી છે જેમા બાબરી મસ્જિદ ધ્વંસના સંબંધમાં બે કેસોને ક્લબ કરવાની માંગણી કરી રહી છે. ૧૧ વર્ષના ગાળા બાદ પણ સીબીઆઈ આ મુદ્દો ઉઠાવી રહી છે. સીબીઆઈની કામગીરી એક ચોક્કસ એજંડા પર આધારિત છે. કોંગ્રેસ પાર્ટીના ફ્રન્ટ તરીકે એક એજંડાને સીબીઆઈ આગળ વધારી રહી છે.

કોલસાના પરિવહન માટે લકઝરી કોચનો ઉપયોગ

હજારીબાગ,તા.૮

કોલ માફિયા કોલસાના પરિવહન માટે લકઝરી કોચનો ઉપયોગ કરી રહ્યા છે. પોલીસે આજે આ મુજબની ચેતવણી આપી હતી. હજારીબાગ અને રામગઢ જિલ્લાના એનએચ-૩૩ મારફતે ગેરકાયદે કોલસાની હેરફેર કરવા માટે કોલ માફિયા ખતરનાક વ્યહૂરચના ધરાવે છે. કોલ માફિયા દ્વારા કોલસાની પરિવહન માટે લકઝરી કોચનો ઉપયોગ કરી રહ્યા છે. કોઈને પણ આ અંગેની માહિતી ન મળે તે માટે પ્રયાસ થઈ રહ્યા છે. પોલીસ અધિકારી પંકજ કમ્બુજે કહ્યુ છે કે આ સંબંધમા કેટલીક ફરિયાદો મળી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ યાત્રીઓને લઈને આર્થિક લકઝરી બસમાં ગેરકાયદે કોલસાનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે ટ્રકો ઉપર પણ હવે નજર રાખવાની શરૂઆત કરી દીધી છે.

કર્ણાટક પોલીસે બિહારના દરભંગા જિલ્લામાંથી એક આતંકવાદી શકમંદની ધરપકડ કરી

દરભંગા/પટણા,તા.૮

કર્ણાટક પોલીસે બિહારના દરભંગા જિલ્લામાંથી એક આતંકવાદી શકમંદની ધરપકડ કરી છે. આ પગલાની પરીણામ સ્વરૂપે બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમાર નારાજ દેખાઈ રહ્યા છે. તેમની નારાજગીનું કારણ શકમંદની ધરપકડ નથી બલ્કી કર્ણાટક પોલીસની એકપક્ષીય પોલીસ કાર્યવાહી છે. આ એકપક્ષીય પોલીસ કાર્યવાહી સામે નિતિશ કુમારે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. કર્ણાટકની પોલીસ ટીમે વર્ષ ૨૦૧૦માં ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલા ટ્વીન બ્લાસ્ટના સંબંધમાં બે દિવસ અગાઉ બારાસમેલા ગામમાંથી કુખ્યાત કાફીલ અહેમદની ધરપકડ કરી હતી. પોલીસ અધિકારી ગરીમા મલિકે કહ્યું છે કે કર્ણાટક પોલીસે બાતમી મળ્યા બાદ તેની ધરપકડ કરી હતી. ૧૭મી એપ્રિલ ૨૦૧૦ના દિવસે ચિન્નાસ્વામી સ્ટેડીયમની બહાર થયેલા ઓછી તિવ્રતાના બે બ્લાસ્ટના કારણે ૧૫ લોકો ઘાયલ થયા હતા. કર્ણાટક પોલીસે આ મામલામાં સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો ન હતો. અથવા તો અહેમદની ધરપકડ અંગે માહિતી પણ આપી ન હતી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે તેના પરિવાર પાસેથી શકમંદ આતંકવાદીની ધરપકડ અંગે પોલીસને જાણ થઈ હતી. પટણાના મુખ્યમંત્રી નિતિશ કુમારે કહ્યું હતું કે, કર્ણાટક પોલીસે તેના અધિકાર ક્ષેત્રમાંથી કોઈપણ વ્યક્તિની ધરપકડ કરવા અંગે સ્થાનિક પોલીસને પ્રાથમિક માહિતી આપવા અંગે નક્કી કરવામાં આવેલા ધારાધોરણોનો ખુલ્લો ભંગ કર્યો છે. બિહારના ડીજીપીએ તેમના કર્ણાટક સમકક્ષ સમક્ષ આ મામલે નારાજગી વ્યક્ત કરી છે. કુમારે કહ્યું હતું કે તેઓએ દરભંગાના એસપી પાસેથી અહેવાલની માંગણી કરી છે. અહેવાલ મળી ગયા બાદ કર્ણાટક સરકાર અને કેન્દ્રિય ગૃહ મંત્રાલય સમક્ષ વિધિવત રીતે વિરોધ કરવામાં આવશે. આ સમગ્ર મામલામાં બિહાર સરકાર અથવા તો સ્થાનિક પોલીસને જાણ કર્યા વગર કર્ણાટક પોલીસે બાતમી મળ્યા બાદ તરત કાર્યવાહી હાથ ધરીને શકમંદ ત્રાસવાદીને પકડી પાડ્યો હતો. કાફિલ અહેમદની ચિન્નાસ્વામી બ્લાસ્ટ ઉપરાંત અન્ય મામલાઓમાં સંડોવણી હોવાના પણ અહેવાલ મળી રહ્યા છે. કર્ણાટક પોલીસે તેની આકરી પુછપરછ હાથ ધરી છે.